## ચૂંટણી ચોતરેથી

● પાટીદાર આંદોલનના ત્રણ નેતાઓ ભાજપમાં જોડાયા. શનિવારે અલગ અલગ સમયે પાસના કન્વિનરો કેતન પટેલ, અમરીશ પટેલ અને શ્વેતા પટેલે વિધિવત રીતે ખેસ પહેરી ભાજપમાં જોડાયા.

● ભાજપની પ્રથમ યાદી બહાર પડવાની સાથે જ બીજા દિવસે પણ અસંતોની જવાળાઓ યથાવત રહી હતી. ધ્રાગંધ્રા, પાદરા, ડાંગ, કોડીનાર તેમજ વડોદરામાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા હતા.

● દિલ્હીમાં પાસ અને કોંગ્રેસ વચ્ચે ગેર સમજને કારણે ૨૪ કલાક વિવાદ સર્જાયો હતો. પણ બપોર સુધીમાં વિવાદ શમી ગયો.

● કેન્દ્રિય નાણામંત્રી અરૂણ જેટલી સોમવારે ગુજરાત આવશે અને મુખ્યમંત્રી સાથે ઉમેદવારીપત્રક ભરવાની પ્રક્રિયામાં સાથે રહેશે.

● કોંગ્રેસના સિનિયર ધારાસભ્ય અને મુખ્યમંત્રીના સીધા સ્પર્ધક સોમવારે મહાદેવની પૂજા કરી ઉમેદવારીપત્રક ભરશે.

● કોંગ્રેસમાં ૧૬૨ બેઠકો પર સહમતી સધાઈ ચૂકી છે. માત્ર ૨૦ બેઠકો પર ચર્ચા બાકી છે. જે ૧૯મીએ જાહેર કરાશે.

● રાજ્ય મંત્રીમંડળના સંસદીય સચિવ જેઠાભાઈ સોલંકીએ ભાજપ અને સરકારના તમામ હોદ્દાઓ પરથી રાજીનામુ આપ્યુ છે.

● દસક્રોઈ તાલુકાના દસ હજાર ઠાકોર ભાઈ-બહેનો આજે કમલમ જઈ સામુહિક રાજીનામા આપશે.

● જન અધિકાર મંચના પ્રવિણ રામ સૌરાષ્ટ્ર અને ગાંધીનગર ઉત્તરની બેઠક પર ઉમેદવારી નોંધાવશે.

● દરિયાપુરના કોંગ્રેસના ધારાસભ્ય ગ્યાસુદ્દિન શેખને ટીકીટ ન આપવા વિસ્તારના પક્ષના કાર્યકરો રજુઆત કરવા કોંગ્રેસભવન પહોંચ્યા હતા.

● ઠક્કરનગર પાસે બદરીનાથ સોસાયટી નજીક પરિવહન મંત્રી વલ્લભભાઈ કાકડીયાનુ પુતળાદહન કરાયુ હતુ.

# અમદાવાદ શહેરની આઠ બેઠક માટે ભાજપમાં ભારે કશમકશ

અમદાવાદ, તા.૧૮

વિધાનસભાની પહેલા તબક્કાની ચૂંટણી માટે ગઈ કાલે ભાજપે ૭૦ ઉમેદવારની યાદી જાહેર કરી દીધી છે. જેમાં અમદાવાદની એક સીટને બાદ કરતાં હવે બાકીની ૨૦ સીટના ઉમેદવારોની જાહેરાત પર સૌની નજર છે. અમદાવાદ શહેરની બેઠકો પૈકી આઠ બેઠક માટે ભાજપમાં કશમકશ ચાલી રહી છે.




આ પૈકીની ઘાટલોડિયા અને નારણપુરાની બેઠક એક્સકલુઝિવ ગણવામાં આવે છે. ઘાટલોડિયા અને નારણપુરાની બેઠક કોને ફાળે આવશે તે માટે અત્યંત સસ્પેન્સ જાળવવામાં આવ્યું છે. સૂત્રોના જણાવ્યા મુજબ ઘાટલોડિયા અને નારણપુરાની બેઠકના ઉમેદવારની પસંદગીનો નિર્ણય વડા પ્રધાન નરેન્દ્ર મોદી લેશે. હાલમાં અમદાવાદ શહેર જમાલપુર-ખાડિયાના વર્તમાન ધારાસભ્ય ભૂષણ ભટ્ટને આ બેઠક પર રિપીટ કરાશે. દાણીલીમડાની બેઠક કોંગ્રેસ પાસે હોઈને ભાજપ ત્યા મજબૂત ઉમેદવારની શોધમાં છે. ઓછા માર્જિનથી ગુમાવેલી આ બેઠક પર ભાજપ નવો ચહેરો મૂકશે.

મણિનગરની બેઠક પર પ્રદેશ પ્રચાર પ્રસારનો હવાલો સંભાળી રહેલા મહેશ કસવાલા અને આસિત વોરા ટિકિટ રેસમાં છે, પરંતુ આસિત વોરાનું નામ આ બેઠક માટે મોખરે ગણાય છે. દસક્રોઈની બેઠક પર ભાજપે પોતાના ઉમેદવારની જાહેરાત કરી દીધી છે. જ્યારે વટવાની બેઠક પર ગૃહ પ્રધાન પ્રદીપસિંહ જાડેજા નિશ્ચિત ઉમેદવાર છે. એલિસબ્રિજની બેઠક પર રાકેશ શાહ, અમરાઈવાડીમાં હસમુખ પટેલ, અસારવામાં રજનીકાંત પટેલ, વેજલપુરમાં કિશોર ચૌહાણ, બાપુનગરમાં જગરૂપસિંહ રાજપૂત તથા નરોડામાં નિર્મલાબહેન વાધવાણી રિપીટ નહીં થાય તેવું ભાજપના ટોચના સૂત્રોમાં ચર્ચાઈ રહ્યું છે.

ઠક્કરનગરની બેઠક પરથી વાહન વ્યવહાર પ્રધાન વલ્લભ કાકડિયા સામે સ્થાનિકોનો અસંતોષ હોવા છતાં પાટીદાર ફેક્ટરને ધ્યાનમાં રાખીને તેમને રિપીટ કરાશે. ઘાટલોડિયાની બેઠક પૂર્વ મુખ્યપ્રધાન આનંદીબહેન પટેલે હાઈએસ્ટ માર્જિનથી જીતી હતી. તો બીજી તરફ નારણપુરાની બેઠક પણ પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે મોટી બહુમતીથી જીતી હતી. બંને દિગ્ગજોના સમકક્ષ મજબૂત ઉમેદવારોને આ બેઠકો પર ભાજપ ચૂંટણી જંગમાં ઉતારશે. આજ સાંજ સુધીમાં ભાજપ બીજી યાદી જાહેર કરે તેવી શકયતા છે.

## આઈ. કે. જાડેજાએ બે મહિના પહેલા અમિત શાહ અંગે કરેલી કઈ શંકા સાચી પડી?

ગાંધીનગર, તા.૧૮

અમિત શાહને તેમની વાતમાં હા નહીં પાડનાર નેતાઓ પસંદ નથી અને તેઓ પોતાના વિરોધીઓનું રાજકારણ ખલાસ કરી નાખે છે, પણ તે પોતાના પક્ષનો હોય તો પણ તેઓ તેને છોડતા નથી. આવુ જ કંઈક આઈ. કે. જાડેજાનું છે. આઈ. કે. જાડેજાને શંકા હતી કે અમિત શાહ ચૂંટણીમાં તેમને નડી જશે. જેના કારણે બે મહિના પહેલા આઈ. કે. જાડેજા રાજપુત આગેવાનો સાથે નરેન્દ્ર મોદીને મળ્યા હતા. જ્યાં જાડેજાએ અમિત શાહનો તેમની સાથે વ્યવહાર અને શાહ તેમની ટિકિટ કાપી નાખશે તેવી શંકા વ્યક્ત કરી હતી.

ત્યારે નરેન્દ્ર મોદીએ ભાજપના સિનિયર નેતા આઈ. કે. જાડેજાને ખાતરી આપી હતી કે તેમને નુકશાન જશે નહીં તે જોવાની જવાબદારી તેમની છે. આઈ. કે. જાડેજા પોતાની ધ્રાંગધ્રા બેઠક છોડી વઢવાણથી ચૂંટણી લડવા માગતા નથી અને તે દિશામાં તેમની કામગીરી શરૂ કરી પોતાની વઢવાણથી લડવાની ઈચ્છા પાર્ટીને પણ જણાવી દીધી હતી, નરેન્દ્ર મોદી સાથે વાત થઈ હોવાને કારણે જાડેજાનો વિશ્વાસ હતો કે હવે અમિત શાહ તેમને નુકશાન કરી શકશે નહીં.

પણ શુક્રવારના રોજ જાહેર થયેલી યાદીમાં વઢવાણના ધારાસભ્ય વર્ષા દોશીને કાપી ઉદ્યોગપતિ ધનજી પટેલને ટિકિટ આપવામાં આવી હતી. ટિકિટની જાહેરાત થઈ ત્યારે જાડેજા ભાજપના મીડીયા સેન્ટરમાં હતા, તેમનો જન્મ દિવસ હોવાને કારણે પત્રકારો તેમને અભિનંદન આપી રહ્યા છે. પણ જેવુ યાદી બહાર પડી તેમાં પોતાનું નામ નથી તેવુ ખબર પડતા જાડેજા મીડીયા સેન્ટર છોડી નિકળી ગયા હતા.

## કોંગ્રેસના ઘોષણાપત્રમાં હશે મહિલાઓ પ્રત્યે ફોકસ



ગુજરાત વિધાનસભાની ચુંટણીમાં મહિલાઓનુ સશક્તિકરણ એ આ વખતે કોંગ્રેસનો સૌથી મહત્વનો મુદ્દો છે. રાજ્યમાં પાર્ટી છેલ્લા બે દાયકા કરતા વધુ સમયથી સત્તાની બહાર છે. ત્યારે કોંગ્રેસ નેતાઓનું કહેવુ છે કે આ વખતની ચુંટણી તેમણે પોતાની રણનીતિ મહિલા કેન્દ્રીત રાખવાનો નિર્ણય કર્યો છે. જે અંતર્ગત પોસ્ટ ગ્રેજ્યુએશન સુધી મહિલાઓને મફત શિક્ષણ, પરિવારમાં એક મહિલાના નામ પર ઘર, ફ્રી ડીલીવરીની સેવા અને ગરીબ મહિલાઓ માટે ખાનગી હોસ્પિટલોમાં નિઃશુલ્ક હેલ્થકેર સુવિધા જેવા વચનો કોંગ્રેસ પોતાના ઘોષણાપત્રમાં આપશે.

પાર્ટીએ ઘોષણાપત્ર તૈયાર કરવા માટે આંતરીક સર્વે કરાવ્યો હતો, જેમાં સામે આવ્યુ છે કે, રાજ્યમાં મહિલા મતદારો નિર્ણાયક ભૂમિકા ભજવી શકે છે. કોંગ્રેસના એક સિનીયર નેતાએ નામ ન આપવાની શરતે જણાવ્યુ હતું કે પાર્ટીનુ ઘોષણાપત્ર એક યુનિટ તરીકે પરિવારની ખુશીને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવશે. પોતાના પરિવારને સારું જીવન આપવા માટે મહિલાઓ શું ઈચ્છે છે તે બાબતો અંગે સર્વે કરાયો હતો. જેમાં સામે આવ્યુ છે કે મહિલાઓ સારું શિક્ષણ, સસ્તી સ્વાસ્થ્ય સેવાઓ, સારું પોષણ, રોજગાર અને ઘર ઈચ્છી રહી છે. કોંગ્રેસે આ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને પોતાનુ ઘોષણાપત્ર તૈયાર કર્યુ છે એટલે કે કોંગ્રેસ લોકોને શિક્ષણ, સ્વાસ્થ્ય, મકાન, રોજગાર અને પોષણ જેવા વચનો આપશે.

આ ઉપરાંત તમામ કોલેજોમાં ફી ઘટાડવી, પ્રોફેશનલ કોર્સમાં સીટો વધારવી, સરકારી કોલેજોમાં નવા પ્રોફેશનલ કોર્સ શરુ કરવા, આર્થિક રીતે નબળા પરિવારના તેજસ્વી બાળકોને એક લાખ રૂપિયાની સહાય, પછાત વર્ગના વિદ્યાર્થીઓને પથી ૧૦ હજાર સુધીની સ્કોલરશીપ સહિતના વચનો પણ કોંગ્રેસ પોતાના ઘોષણાપત્રમાં આપશે.

કોંગ્રેસ સર્વેમાં સામે આવ્યુ છે કે પુરુષોમાં કોંગ્રેસ તરફ આકર્ષણ વધ્યુ છે, જો કે મહિલાઓ હજી પણ ભાજપના સમર્થનમાં છે. મુસ્લિમ મહિલાઓમાં પણ આ ટ્રેન્ડ જોવા મળે છે. જેથી કોંગ્રેસે હવે મહિલાઓને પોતાના પક્ષે કરવાનો ટાર્ગેટ બનાવ્યો છે.

## જીતુ વાઘાણીની ના છતાં ભાજપે ટિકિટ આપી, રાજપુતોએ વિરોધમાં વલ્લભીપુર-ધંધુકા હાઈવે બંધ કરાવ્યો

ગાંધીનગર, તા.૧૮

ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણી સામે શરૂ થયેલી રાજપુતોની લડાઈને કારણે ચૂંટણી જીતવી મુશ્કેલ બનશે તેવુ જણાઈ આવતા જીતુ વાઘાણીએ ભાજપને જાણ કરી હતી કે તેઓ ચૂંટણી લડવા માગતા નથી. આમ છતાં ભાજપે તેમને ટિકિટ આપી હોમી દેવાનો નિર્ણય કર્યો છે. વાઘાણીને ટિકિટ મળી તેવા સમાચાર મળતા જ રાજપુતોમાં ભારે નારાજગી વ્યાપી હતી. મોડી રાત્રે વલ્લભીપુર-ધંધુકા હાઈવે ઉપર રાજપુત યુવકો રસ્તા ઉપર ઉતરી આવ્યા હતા. યુવકોએ રસ્તા ઉપર ટાયરો સળગાવી ટ્રાફિક જામ કર્યો હતો.

જો કે આ મુદ્દે રાજપુત આગેવાન દાનસંગ મોરીએ કહ્યુ હતું કે ભાજપે ક્યા નેતાને ટિકિટ આપવી તે તેમનો પોતાના નિર્ણય છે. પણ હવે આ મુદ્દે જીતુ વાઘાણી સામેની ખુલ્લી લડાઈની શરૂઆત થઈ ગઈ છે. ભાવનગરના અનેક ગામોમાં હવે વાઘાણી સામેનું આંદોલન ઉગ્ર બનતુ જાય છે. હવે માત્ર આંદોલનની અસર ભાવનગર સુધી સીમિત રહી નથી. જ્યા પણ રાજપુતોની વસ્તી છે તેવા વિસ્તારોમાં પણ આંદોલન સ્વંયભુ ચાલી રહ્યુ છે જેના કારણે ભાજપે અન્ય બેઠકો ઉપર પણ તેની કિમંત ચુકવવી પડી શકે છે.

મોરીએ કહ્યુ હતું કે અમારા તરફથી સમાધાનના પુરતા પ્રયાસ થયા પણ ભાજપ તે દિશામાં આગળ વધ્યુ નહીં. હવે તો વાઘાણીની હાર તે જ રાજપુતો લક્ષ્ય છે. આખા રાજ્યના રાજપુતો માત્ર વિરોધ કરી નહીં, પણ ચૂંટણીના પરિણામમાં પોતાની તાકાત બતાડશે.

# પાટીદાર આંદોલનમાં સાત સામે લાગ્યો હતો રાજદ્રોહ

પાટીદાર અનામત આંદોલન સમિતિના કન્વીનર હાર્દિક પટેલના જૂના સાથીઓ એક પછી એક ભાજપમાં જોડાઈ રહ્યાં છે, ત્યારે હવે પાસમાં હાર્દિક પટેલ સાથે માત્ર દિનેશ બાંભણિયા જ છે. હાર્દિક પટેલ સાથે અન્ય છ પાટીદારો પર રાજદ્રોહનો ગુનો દાખલ થયો હતો. તેમાંથી ત્રણ સાથીઓ ચિરાગ પટેલ, કેતન પટેલ અને અમરીશ પટેલ ભાજપમાં જોડાઈ ચૂક્યાં છે. ઉપરાંત રાજદ્રોહના કેસમાં સામેલ સાથીઓમાંથી ત્રણ ભાજપમાં જોડાઈ ચૂક્યાં છે, જ્યારે બે આંદોલન મામલે નિષ્ક્રિય છે.

**કેતન પટેલ**

પાસ કન્વિનરો એક પછી એક ભાજપમાં જોડાઈ રહ્યા છે, ત્યારે પાસ કન્વિનર અને હાર્દિક પટેલના એક સમયના ખાસ નજીકના ગણાતા કેતન પટેલ ભારતીય જનતા પાર્ટીમાં જોડાઈ ગયો છે. કેતન પટેલ હાર્દિક પટેલ સાથે રાજદ્રોહના કેસમાં જેલવાસ ભોગવી ચૂક્યો છે. જો કે, અત્યારે તે રાજદ્રોહના કેસમાં સાક્ષી છે.

**અલ્પેશ કથિરીયા**

પાસ કન્વીનર અલ્પેશ કથિરીયા પર આંદોલન દરમિયાન રાજદ્રોહનો કેસ થયો હતો. આંદોલનની શરૂઆતમાં તે હાર્દિક પટેલ સાથે જોડાયેલો હતો, પરંતુ રાજદ્રોહના ગુના બાદ તે આંદોલન મામલે નિષ્ક્રિય રહ્યો છે. જો કે, રાજદ્રોહનો ગુનો દાખલ થયો હોવા છતાં અલ્પેશ કથિરીયાની ધરપકડ કરવામાં આવી નહોતી.



નિલેષ અરવડીયા અને અલ્પેશ કથિરીયા કોઈ પાર્ટીમાં જોડાયા નથી, પરંતુ આંદોલનમાં નિષ્ક્રીય છે.

પાટીદાર અનામત આંદોલન સમિતિની કોર કમિટીમાં હાર્દિક પટેલ, ચિરાગ પટેલ, કેતન પટેલ, દિનેશ બાંભણિયા, અમરીશ પટેલ, નિલેષ અરવડીયા, અલ્પેશ કથિરીયા, વરૂણ પટેલ અને રેશમા પટેલનો સમાવેશ થતો હતો. જેમાંથી સૌથી પહેલાં વરૂણ પટેલ અને રેશમા પટેલ ભાજપમાં જોડાયા હતા. જે બાદ ચિરાગ પટેલ, કેતન પટેલ અને અમરીશ પટેલ ભાજપમાં જોડાયા હતા. હાલ હાર્દિક પટેલ સાથે રાજદ્રોહ થયો હોય તેવા સાથીઓમાં માત્ર દિનેશ બાંભણિયા જ છે.

**અમરીશ પટેલ**

રાજદ્રોહના કેસમાં સામેલ અને એક વખતનો હાર્દિક પટેલનો ખાસ ગણાતો અમરીશ પટેલ પણ ભાજપમાં જોડાઈ ગયો છે. અમરીશ પટેલનો પાટીદાર અનામત આંદોલનમાં મહત્વપૂર્ણ ફાળો હતો. હાર્દિક પટેલ સાથે અમરીશ પટેલ પર પણ રાજદ્રોહનો ગુનો દાખલ થયો હતો. જો કે, આ મામલે તેની ધરપકડ થઈ નહોતી. આંદોલનની શરૂઆતમાં અમરીશ પટેલ હાર્દિક પટેલના લેફ્ટ હેન્ડ તરીકે ચાલતો

**નિલેષ અરવડીયા**

હાર્દિક પટેલના જૂના સાથીઓમાં નિલેષ અરવડીયાનો સમાવેશ થાય છે. તે આંદોલનની શરૂઆતથી જ હાર્દિક પટેલ સાથે જોડાયો હતો અને તેની પર રાજદ્રોહનો ગુનો પણ દાખલ થયો હતો. જોકે, આ મામલે તેની ધરપકડ કરવામાં આવી નહોતી. રાજદ્રોહના કેસ બાદ તે આંદોલન મામલે નિષ્ક્રિય રહ્યો છે. જ્યારે તેની પત્ની નગરપાલિકાની ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર તરીકે ઉભી રહી હતી.

# પોતાના ભાઈ-બહેનો માટે અનામતની લડાઈ લડતો પટેલનો દિકરો બદનામ થઈ રહ્યો છે!

## સીડી બહાર પાડીને કોઈના કપડાં ઉતારવા એ હલકી કક્ષાની રાજનિતી છે

સમગ્ર વિશ્વમાં સેક્સ કેન્ડલ બહાર પડે છે અને સત્તાધીશોને ખુરશી છોડવી પડે છે પરંતુ ભારત અને ગુજરાત જેવા પ્રદેશો સેક્સની બાબતમાં ખૂબ જ સંવેદનશીલ છે. મેડિકલ સ્ટોરમાં જે લોકો કોન્ડમ માગતા શરમાતા હોય તો પછી સેક્સની સીડી જાહેર કરવામાં કેટલી શરમ આવતી હશે તેની કલ્પના થઈ શકે નહીં. આપણે સેક્સને ભારેખમ શબ્દ બનાવી દીધો છે જે આખા વિશ્વમાં અત્યંત સહેલો શબ્દ છે. રશિયા જેવા દેશો ઓપન સેક્સમાં માને છે. આપણે ત્યાં પણ સેક્સ થાય છે પરંતુ તે પડદા પાછળનું છે. ઓજલ છે. ચાર દિવારો વચ્ચે બંધ છે.

કોઈ રાજનેતાની સેક્સ સીડી બહાર પાડીને તેને બદનામ કરવો તે રમત બની ગઈ છે. ચૂંટણીના સમયમાં મજબૂત અને લોકપ્રિય નેતાને હલકો ચિતરીને લોક માનસમાંથી ઉતારી દેવો તે આપણા રાજકીય નેતાના ડાબા હાથના ખેલ બન્યા છે. ગુજરાતમાં પાટીદાર અનામત આંદોલન સમિતિ (પાસ) ના કન્વિનર હાર્દિક પટેલે ભાજપના નેતાઓની ઊંઘ હરામ કરી નાખી છે ને હાર્દિકને કઈ રીતે નાથવો તેની વેતરણમાં ભાજપના નેતાઓ રાતના ઉજાગરા કર્યા કરે છે ત્યારે ટીવી ચેનલોમાં હાર્દિક પટેલની કહેવાતી સેક્સ સીડી બહાર આવી છે. એક નહીં અનેક સેક્સ સીડી બહાર આવી છે જેનો હાર્દિક પટેલ પ્રત્યુત્તર પણ આપે છે.

રતિક્રિડા કોને પસંદ ન હોય, પ્રત્યેક વ્યક્તિને તે જરૂરી છે. કુદરતી આકર્ષણ છે. પશુઓ છડેચોક સેક્સ કરે છે પરંતુ તેમની સીડી ઉતરતી નથી. આ શબ્દને આપણે એટલો જટીલ બનાવી દીધો છે કે મુખમાંથી બાપ રે.. શબ્દ નિકળી જાય છે. હાર્દિક પટેલની કથિત સીડીમાં હાર્દિક જેવો ચહેરો છે પરંતુ યુવતિનો ચહેરો નથી. હાર્દિક એ પટેલ છે. આટલો મોટો પટેલ સમાજ તેના દિકરાને બદનામ થતો જોઈ રહ્યો છે. પોતાના ભાઈ-બહેનને અનામત આપવા માટેની લડાઈ લડતો હાર્દિક આટલી હદે બદનામ થશે તે કોઈએ વિચાર્યું નહીં હોય.

આ સીડી અંધારામાં ઉતારાયેલી છે પણ પહેલી સીડીને જુઓ તો લાગે કે બીજી સીડી એ જ સ્થળે ઉતારાયેલી છે. પહેલી સીડી અને બીજી સીડીનું બેકગ્રાઉન્ડ એકદમ સરખું લાગે છે. ગુજરાતની ચૂંટણીમાં પાટીદાર અનામતનો મુદ્દો ગરમ છે ને હાર્દિકે ભાજપને ફીણ પડાવી દીધું છે ત્યારે જ આ સીડી બહાર આવી છે તેના કારણે ટીવી ચેનલોને તો ગોળનું ગાડું મળી ગયું. તેમણે આ વાતને પકડી લીધી ને ગુજરાતમાં પાછો હાર્દિક છવાઈ ગયો.




મજાની વાત એ છે કે હાર્દિક પટેલે હજુ અઠવાડિયા પહેલાં જ એવું કહેલું કે, હજુ તો મારી સેક્સ સીડી બહાર આવશે. આ વાતને એ વખતે લોકોએ બહુ હળવાશથી લીધેલી, પણ સાચે જ એવી સીડી બહાર આવી ગઈ. આ સીડી બહાર આવતાં જ હાર્દિકના વિરોધીઓ તેના પર તૂટી પડ્યા અને હાર્દિક ચારિત્ર્યહીન ને લંપટ માણસ છે તેવા આક્ષેપોનો મારો ચલાવી દીધો. હાર્દિકને લંપટ ગણાવનારા માણસોમાં મોટા ભાગના તેના જ પાટીદાર સમાજના લોકો છે પણ એ બધા લાંબા સમયથી હાર્દિકની સામે પડેલા છે.

આવા જ એક હાર્દિક વિરોધીએ તો તાબડતોબ અમદાવાદમાં પત્રકાર પરિષદ પણ કરી નાખી ને હાર્દિક તથા તેની આખી ટીમ સામે બેફામ આક્ષેપોનો મારો પણ ચલાવી દીધો. હાર્દિકને આ સીડી ખોટી છે તે સાબિત કરવા પણ પડકાર ફેંકી દીધો. સામે હાર્દિકની તરફેણમાં બોલનારા પણ મેદાનમાં આવી ગયા. હાર્દિકે પોતે આ સીડીને નકલી ગણાવી છે ને તેની સામે કાનૂની પગલાં ભરવાની જાહેરાત પણ કરી નાખી. હાર્દિકના સંગઠનની સામે પડેલું લાલજી પટેલનું સરદાર પટેલ ગ્રુપ (એસપીજી) પણ હાર્દિકની પડખે ઊભું રહી ગયું ને કોંગ્રેસ પણ તેના બચાવમાં કૂદી પડી. આશ્ર્ચર્યજનક રીતે ભાજપ એમ કહી રહ્યું છે કે હાર્દિકની સીડી સાથે અમારે કોઈ લેવાદેવા નથી પરંતુ તો પછી ભાજપના રાષ્ટ્રીય અને પ્રાદેશિક નેતાઓ પ્રેસ કોન્ફરન્સ કરીને સીડીની વિગતો શા માટે જાહેર કરે છે. હાર્દિક પટેલના ચારિત્ર્ય પર આંગળી કેમ ચિંધે છે તે સમજાતું નથી.

હાર્દિક પટેલની આ સીડી સાચી છે કે નહીં એ કહેવું મુશ્કેલ છે. અત્યારે ટેકનોલૉજી એ હદે આગળ વધી ગઈ છે કે તમે ગમે તેનાં કપડાં ઉતારીને તેને ગમે તેની સાથે સૂવાડી શકો. સોશિયલ મીડિયા પર ફરતા ફેક સેક્સ વીડિયો જુઓ તો પણ આ વાત સમજાય એવી છે. દરેક સેલિબ્રિટીના આ પ્રકારના વીડિયો ફરતા હોય છે. આ પૈકીના મોટા ભાગના વીડિયો ફેક ને મોર્ફ કરેલા હોય છે.

હાર્દિક સંત છે કે દેવનો દીકરો છે એવું કહેવાનો જરાય આશય નથી પણ તેને પોતાના અંગત સંબંધો રાખવાનો અધિકાર છે એ કબૂલવું પડે. એ અંગત જિંદગીને આ રીતે જાહેરમાં ઉછળાય એ હલકાપણાની ચરમસીમા કહેવાય. હાર્દિક પટેલ અપરિણીત છે. તેને કોઈની સાથે અંગત સંબંધો હોય તેમાં કશું ખોટું નથી. આ દેશનું બંધારણ હાર્દિક પટેલને અંગત સંબંધો રાખવાનો અધિકાર આપે છે.

મુખ્ય મુદ્દો તો આપણે ત્યાં રાજકારણનું સ્તર કઈ હદે નીચું ઊતરી ગયું છે એ છે. રાજકીય મુદ્દાની લડાઈ રાજકીય રીતે લડાવી જોઈએ. તેના બદલે ગમે તે રીતે વિરોધીઓને બદનામ કરવા અને તેમને સીધી રીતે પહોંચી ના શકાય એટલે અંગત જિંદગીને બહાને બદનામ કરવાનો રસ્તો ગંદી રાજનીતિનો વરવો નમૂનો છે. આ ગંદી રાજનીતિ કોઈ રાજકીય પક્ષ રમે છે કે પછી હાર્દિકની લોકપ્રિયતાથી જલનારા તેના જ સમાજના લોકો રમી રહ્યા છે એ કહેવું મુશ્કેલ છે પણ આ રમત વખાણવા જેવી નથી.

## પ્રાઈવસી છે, સેક્સ સીડીના નામે લોકોની સંવેદના છંછેડવી ન જોઈએ : આપણે એટલા આધુનિક નથી થયા કે વિદેશની જેમ છડેચોક વાત કરીએ